જિલ્લાના ગામડાઓમાં પણ સ્વયંમૂ લોકડાઉનની અમલવારી

લોક ડાઉનની અમલવારી આજે ગાંધીનગર શહેર સહિત જિલ્લાના ગામડાઓમાં પણ ખૂબ સુચારું રીતે કરવામાં આવી રહી છે. વહેલી સવારે ધબકતું ગ્રામ્ય જીવનમાં નોવેલ કોરોના વાયરસની બિમારી અંગેનો ભય કે જાગૃત્તિ જે હોય, તેમ છતાં શહેર કરતાં પણ ખૂબ જાગૃત્તા સાથે ગ્રામજનો લોક ડાઉનની અમલવારી કરી રહ્યાં છે.

નોવેલ કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં તા. ૨૪મી માર્ચથી લોકડાઉન અમલી બનાવવામાં આવ્યું હતું. લોક ડાઉન અંગેની સમજ ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ વિસ્તૃત રીતે સમજ આપી ગામના સરપંચ, તલાટી અને અન્ય અગ્રણીઓના સહકાર લઇ ગ્રામજનોને જાગૃત કર્યા હતા. આજે દેશ અને પોતાના ગામને આ મહાબિમારીથી બચાવવા માટે ઘણી સારી રીતે ગાંધીનગર જિલ્લાના ગામડાઓમાં લોક ડાઉનની અમલવારી થઇ રહી છે.

સવારના સમયે પોતાના પશુઓને ઘાસચારો નાખતાની સાથે જ સ્વચ્છતાની સાથે ગામની મહિલાઓ પોતાની દૈનિક પ્રવૃત્તિમાં જોડાઇ જાય છે. સવાર – સાંજ બંને ટાઇમ દૂધ મંડળીમાં દૂધ ભરાવવા માટે જતી મહિલાઓ અને પુરૂષો સુવ્યસ્થિતિ રીતે સોશિયલ ડિસ્ટન્સ રાખી લોક ડાઉનની અલમવારી કરી રહ્યાં છે અને ક્રમનુસાર દૂધને ભરી રહ્યાં છે.

નોવેલ કોરોના વાયરસથી ડરવાની નહિ, પણ માત્ર જાગૃત્તિની જરૂર છે, તે વાત સારી રીતે સમજી ચૂકેલા ગ્રામજનો પોતાની ખેતી પ્રવૃત્તિ પણ ખૂબ જ સારી રીતે કરી રહ્યાં છે. દરરોજ સવારના પશુઓનો ઘાસ ચારો લેવા જઇ રહ્યાં છે. તે ઉપરાંત ઘંઉની સિઝન ચાલતી હોય ખેતરમાંથી ઘંઉને વાઢી ખળામાં લાવીને ઘંઉની બોરીઓ પણ સંક્રમણ ન થાય તે રીતે કામ કરીને ઘંઉ લઇ રહ્યાં છે. તેની સાથે ગાંધીનગર જિલ્લામાં શાકભાજીની ખેતી સારી થતી હોવાથી ખેડૂતો પોતાના ખેતરમાં નિયમિત રીતે શાકભાજી લે છે. પોતે લીધેલા શાકભાજીનું વિતરણ દરેક તાલુકા મથકોના શાકભાજીના હોલસેલ માર્કેટમાં કરી રાબેતા મુજબના ભાવ મેળવી રહ્યા છે.

સમગ્ર દિવસ દરમ્યાન ગ્રામકક્ષાએ દૂધ-દહી અને કરિયાણાની દુકાનો નિયમોનુસાર ખુલ્લી રહે છે. બપોરબાદ મોટા ભાગનું ગ્રામ્ય જીવન શાંત પડી જાય છે. સાંજ પડે ચોરે બેસતા લોકો પણ નજરે પડતા નથી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

વાત-વાતમાં.....

- અત્યારે સમગ્ર દેશમાં લોકડાઉન લાગુ પડેલુ હોવાથી બેંકની લોનના હપ્તામાં પણ ત્રણ માસની રાહત આપવામાં આવી છે. આ સંજોગોમાં શહેરમાં ગેસ બીલ અને ટેલિફોન બીલના પેમેન્ટની ડ્યુ ડેટમાં કોઈ રાહત નથી અપાઈ અને ગ્રાહકોને ઓનલાઈન પેમેન્ટ કરી દેવાના મેસેજ પ્રાપ્ત થઈ રહ્યાં છે. જેમાં ગ્રાહકો છુટછાટ મળે તેવુ ઈચ્છી રહ્યાં છે. જ્યારે જેઓ પાસે ઓનલાઈન પેમેન્ટની સુવિધા નથી તેઓએ અવઢવમાં મુકાયા છે.
- શહેરમાં રસ્તાઓ લોકડાઉનના કારણે સુમસામ જોવા મળી રહ્યાં છે. બીજી તરફ પાટનગરના આ સુમસામ માર્ગો પર જ્યાં ટ્રાફિક સિગ્નલ્સ સુદ્ધાં કાર્યરત નથી ત્યાં પબ્લિક એનાઉન્સમેન્ટ સીસ્ટમ સતત ચાલુ છે જેને સાંભળનારૂ કોઈ હોતુ નથી.
- શહેરીજનોને મુખ્યમંત્રીના એસએમએસ પ્રાપ્ત થઈ રહ્યાં છે જેમાં નાગરિકોને જો તાવ-ખાંસી કે શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યા જણાય તો તુરંત ૧૦૪ નંબર પર કોલ કરવા અનવુરોધ કરવામાં આવી રહ્યો છે.

રાજ્યના ૨૭ જિલ્લા મથકો પર ૧૦૦ બેડની કોરોના હૉસ્પિટલ તૈયાર

ગાંધીનગર, તા.૭

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસની મહામારીને નાથવા દરેક ક્ષેત્રે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. ભારતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય પણ આ દિશામાં સક્રિય પણે આગળ વધી રહી છે.

ગુજરાત રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિવિધ નિવારાત્મક પગલાઓમાં લેવામાં આવી રહ્યા છે. જેના ભાગ રૂપે રાજ્ય સરકારે રાજ્યના ૨૭ જિલ્લાઓમાં ઈન્ફેક્શન કંટ્રોલ ડીસીઝ હોસ્પિટલના નિર્માણ માટે તેમજ આનુષાંગિક કામગીરી માટે ડૉ. રાજીવકુમાર ગુપ્તા, અધિક મુખ્ય સચિવ વન અને પર્યાવરણ વિભાગના માર્ગદર્શન અને નેતૃત્વમાં એક ટીમ બનાવી છે.

આ ટીમનો લક્ષ્ય રાજ્યના ૨૭ જિલ્લાઓમાં / આરોગ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણને નિયંત્રણમાં લેવાના હેતુસર ૧૦૦ બેડની આધુનિક સુવિધાથી સંપન્ન ઈન્ફેક્શન ડીસીઝ કંટ્રોલ હોસ્પિટલ / આઈસોલેશન વૉર્ડ નિર્માણ કરવાનો છે. છેલ્લા એક સપ્તાહથી આ ટીમ આ લક્ષ્યને હાંસલ કરવાની કામગીરીમાં દિવસ - રાત કાર્યરત છે.

આ ટીમમાં જે.પી. ગુપ્તા, મુખ્ય રાજ્ય કર કમિશનર, અમદાવાદ અને મુકેશ કુમાર,

વાઈસ ચેરમેન અને કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગરને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. જેમની સાથે અન્ય અધિકારીઓ પણ જોડાયેલા છે તેમાં કે. ડી. શુક્લ, સંયુક્ત રાજ્ય વેરા કમિશનર, આર. એમ. પ્રજાપતિ, સહાયક રાજ્ય વેરા કમિશનર, જે. એમ. દવે, રાજ્ય વેરા નિરીક્ષક અને ધર્મિત બી. જાની, સીનીયર કારકુન ઉપરાંત ગુજરાત મેરીટાઈમ બોર્ડના અધિકારીઓ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓ-આરોગ્ય વિભાગના વિવિધ વિભાગના અધિકારીઓ વગેરેનો સમાવેશ થાય છે.

આ ટીમ દ્વારા રાજ્યના ૨૭ જિલ્લાઓમાં કોવીડ-૧૯ના સંક્રમણને નિયંત્રણમાં રાખવા ૧૦૦ બેડની આધુનિક સુવિધાથી સંપન્ન ઈન્ફેક્શન ડીસીઝ કંટ્રોલ હોસ્પિટલ / આઈસોલેશન વૉર્ડ નિર્માણ કરવાનો રાજ્ય સરકાર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. જેમાં જે. પી. ગુપ્તાની દેખરેખ હેઠળ અમરેલી, જામનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, જૂનાગઢ, મોરબી, પોરબંદર, સુરેન્દ્રનગર, કચ્છ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાનો સમાવેશ થાય છે. જ્યારે મુકેશકુમારની દેખરેખ હેઠળ અરવલ્લી, સાબરકાંઠા, આણંદ, છોટાઉદેપુર, દાહોદ, ખેડા, મહિસાગર, પંચમહાલ, ભરૂચ, ડાંગ, નર્મદા, નવસારી, તાપી અને વલસાડ જિલ્લાનો સમાવેશ થાય છે.

રાજ્યમાં સરકારી હોસ્પિટલ ઉપરાંત ૧૦૦ બેડની ૩૧ પ્રાઈવેટ હોસ્પિટલ નિર્માણ કરવાનું નિર્ધારિત કરવામાં આવેલ છે. જેમાં કોરોના સંભવિત દર્દીઓ માટે સારવાર, ઓ.પી.ડી., અને ચકાસણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવનાર છે. આ ઉપરાંત ગંભીર સ્થિતિમાં આઈસોલેશન અને વેન્ટીલેટર્સ જેવી ઉત્તમ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. રાજ્યમાં ૩૧ પ્રાઈવેટ કોવિડ-૧૯ હોસ્પિટલની જેની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે અને એકાદ - બે દિવસમાં આ તમામ હોસ્પિટલો કાર્યરત થઈ જશે તેવું સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તાજેતરમાં મહેસાણા ખાતે તૈયાર થઈ ગયેલી હોસ્પિટલની જે. પી. ગુપ્તાએ મુકાલાત લીધી હતી અને તમામ આરોગ્યલક્ષી સુવિધાઓની ઝીણવટભરી જાણકારી મેળવી હતી. મહેસાણા ખાતે થયેલી ૧૦૦ બેડની કોવિડ-૧૯ હોસ્પિટલમાં ૧૦૦ બેડ, ૧૦ આઈ.સી.યુ., ૧૦ વેન્ટીલેટર, ૩ એમ્બ્યુલન્સ, ૧ એક્સ-રે મશીન, ૩ મલ્ટીપેરા મોનીટર, ૫ ઓક્સીજન સીલીન્ડર સહિતની સારવારને લગતી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત પાલનપુર, પાટણ અને ડીસામાં નિર્માણ પામેલ કોવિડ-૧૯ હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. રાજ્યમાં નિર્માણ થયેલ કોવિડ-૧૯ હોસ્પિટલમાં કોરોના સંભવિત દર્દીઓ માટે સારવાર, ઓપીડી અને ચકાસણીની વ્યવસ્થા ઉભી કરાઈ છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના પ્રાંત અધિકારી ભોરણિયા, તાલુકા વિકાસ અધિકારી ધાંધલિયાએ આજે ગાંધીનગર તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લઈ લોકડાઉનના અમલીકરણની સમીક્ષા તેમજ સસ્તા અનાજની કીટના વિતરણમાં સોશિયલ ડિસ્ટન્ટ જળવાય છે કે નહિ તે જોયુ હતુ.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજે આરોગ્યતંત્રના અધિકારીઓ સાથે બીજા તબક્કાના સર્વે અંગેની માઈક્રોપ્લાનીંગની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરની જાણીતી સંસ્થા મિનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આજે જુદી જુદી સંસ્થાઓ જે રસોઈ કીટ બનાવી વિતરણ કરે છે તેમને ચોખા, દાળ સહિત વિવિધ કરિયાણાનો જથ્થો પુરો પાડવામાં આવ્યો હતો. આ કાર્યમાં ટ્રસ્ટના અગ્રણી અને કોંગી નેતા નીશીત વ્યાસ, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ઉર્પલ જોશી, રાકેશ જાની, વૈભવ જાની, યુવરાજસિંહ રાણા સહિતના અગ્રણીઓ જોડાયા હતા.
- ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ સરકારની અનાજ વિતરણ વ્યવસ્થામાં એપીએલ-૧, એપીએલ-૨, બી.પી.એલ. પરિવારોને પણ આવરી લેવામાં આવે તેવી માંગ એક પત્ર લખીને કરી છે.
- ગાંધીનગર જિલ્લાના ક્વોરોન્ટાઈન કરાયેલ ૧૪ જેટલા આરોગ્યના કર્મયોગીઓના રિપોર્ટ આજે નેગેટીવ આવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.
- ગાંધીનગર શહેરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે આશ્રિતો માટે ઉભી કરાયેલી છાવણીમાં એક શ્રમિકને મેલેરિયા જણાતાં તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવવામાં આવી છે.

ધણપ પાસે અજાણી કારની અડફેટે બાઈકચાલકનું મૃત્યુ

ગાંધીનગર,તા.૭

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ધણપ ગામ નજીક કારની અડફેટે બાઈક ચાલકનું મૃત્યું નિપજયુ છે. પ્રાંતિજ થી મોટી શિહોલી સગાની ખબર નીકાળીને પરત ઘર તરફ જઈ રહ્યા હતા, તે સમયે અકસ્માત નડ્યો હતો. બનાવ અંગે મૃતકના ભત્રીજાની ફરીયાદને પગલે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક ભડાકીયા સદાના મુવાડા ગામે રહેતા સંગ્રામસિંહ વિનોદસિંહ રાઠોડ(ઉં.૧૯) એ ચિલોડા પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદ મુજબ સંગ્રામસિંહ પોતાના માસીના ઘરે મોટી શિહોલી ગામે આવેલ હતા. આ સમયે તેમના મોટાબાપા મહેશસિંહ સોમસિંહ રાઠોડ પોતાનુ સીટી-૧૦૦ બાઈક લઈને શિહોલી ગામે આવ્યા હતા.મંગળવારના રોજ સવારે પોણા દશ વાગ્યાના અરસામાં તે પોતાના સગાની ખબર અંતર પુછીને ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારબાદ થોડીકવારમાં જ ફરીયાદીના મોબાઈલ પર પોતાના મોટાબાપાના મોબાઈલ ફોન પરથી કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે ધણપ ગામના પાટીયા પાસે અકસ્માત થયો હોવાનું જણાવ્યું હતું. જેથી ફરીયાદી તાત્કાલીક ઘટના સ્થળે પહોંચ્યા હતા. ત્યા જઈને જોયુ તો પોતાના મોટાબાપા મહેશસિંહ મૃત હાલતમાં મળી આવ્યા હતા. જયારે પ્રત્યક્ષદર્શીઓનું કહેવુ હતુ કે કોઈ અજાણી કારનો ચાલક બાઈકને ટક્કર મારી હિંમતનગર તરફ કાર ગઈ હતી. ચિલોડા પોલીસે મૃતકના ભત્રીજાની ફરીયાદ લઈ અજાણ્યા કાર ચાલકને શોધવા માટે આગળની તપાસ હાથ ધરી છે.

આ વર્ષે સસ્તી શાકભાજી ખાવાનું સુખ છીનવાઈ ગયું...!!

આ વર્ષ ખરેખર શરૂઆતથી જ કપરું આવ્યું હોય તેવું લાગી રહ્યું છે. ગત ચોમાસામાં છેક દિવાળી સુધી વરસાદી માહોલ રહેવાને કારણે શિયાળામાં શાકભાજીના ઉત્પાદન પર અસર પડી હતી. જેના પગલે શિયાળામાં સસ્તી શાકભાજી ખાવાનું સુખ શહેરીજનોને બહુ પ્રાપ્ત થયું નહોતું. હવે તો ઉનાળો બેસી ગયો છે અને એમાં પાછો કોરોનાએ પણ અડિંગો જમાવ્યો છે એટલે હવે ઘટી રહેલા શાકભાજીના ઉત્પાદનને પગલે શાકભાજીના ભાવોમાં વધારો થતો જોવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજથી અન્ન બ્રહ્મ યોજના અંતર્ગત અનાજ સાથે જીવન-જરૂરિયાતની વસ્તુઓની કીટ બનાવી તંત્ર દ્વારા વિતરણનો આરંભ કરવામાં આવ્યો છે. આજે ૪૫૦ થી વધુ લાભાર્થીઓને આ કીટનું વિતરણ તંત્રની ટીમ દ્વારા લાભાર્થીઓના ઘરે જઈને કરવામાં આવ્યુ હતુ. ૨૦૦ જેટલી કીટ સે. ૧૩ ખાતે રહેતા શ્રમિકોને તેમજ ભાટ, ગિયોડ, કોટેશ્વર, ચિલોડા, ગોળવંટા જેવા ગામોમાં કરવામાં આવ્યુ હતુ. મામલતદાર સુનિલ રાવલ, ના. મામલતદાર શિકારી અને તેમની ટીમ દ્વારા આ કીટોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા નોવેલ કોરોના વાયરસથી ઉભી થયેલી સ્થિતિ અંગે સરકાર પગલાં લેવામાં ઉણી ઉતરી હોવાની વાત સાથે આજે એક આવેદનપત્ર રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને આપ્યુ હતુ. આ પ્રતિનિધિ મંડળમાં પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી, દંડક શૈલેષ પરમાર, પ્રદેશ મહામંત્રી નિસીથ વ્યાસ, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, સિદ્ધાર્થ પટેલ વગેરે નજરે પડે છે.

કોરોનાના કેસ અટકાવવા માટે સરકારનો અમદાવાદ સહિત મહાનગરો માટે ખાસ એક્શન પ્લાન

ગાંધીનગર,તા.૭

અમદાવાદ સહિત મહાનગરોમાં કોરોનાના વધતા કેસ અટકાવવા માટે સરકારે ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે..અને તે અંતર્ગત રાજ્યમાં સ્થળોને ૧૫ કલસ્ટર કવોરન્ટિન જાહેર કરાયા છે. અને ત્યાં ઘરે ઘરે જઈને તપાસ કરવામાં આવી રહી છે.. અમદાવાદમાં આઠ વિસ્તારને કલસ્ટર ક્વોરન્ટીન કર્યા છે. જ્યાં ૨૪ ટીમના કુલ ૧૨૦ સભ્યો પોતાની કામગીરી કરી રહ્યા છે અને ૧૪ હજારથી વધુ વસ્તુનું સર્વેલન્સ કામગીરી કરવામાં આવી રહી છે. જ્યારે વડોદરાના બે વિસ્તારમાં ત્રણ ટીમ અને ૧૮ કર્મચારીઓ કામ કરી રહ્યા છે. આ ઉપરાંત ભાવનગરમાં પાંચ જગ્યાએ ૨૪ ટીમ કામ કરે છે અને ૯૦ હજાર લોકોને કલસ્ટર ક્વોરન્ટીન કરાયા છે..જ્યારે અને રાજકોટમાં સાત જગ્યાએ ૨૮ ટીમ કામ કરી રહી છે.. અને ત્રણ હજાર લોકોને ક્વોરન્ટીન કરાયા છે. રાજ્યમાં જ્યાં હોસ્ટપોર્ટ છે ત્યાં એક્શન પાલન ત્યાર કરવામાં આવ્યો છે.

દેશના દરેક નાગરિક યથાશકિત દાન આપે...

નગરની પેન્શર વૃદ્ધાએ પી.એમ. ફંડમાં ૨૫ હજારનુ દાન આપ્યુ : સે-૫ સીમાં રહેતા પુષ્પાબેન ઉપાધ્યાયે ચાર દાયકા પુર્વે મેડીકલ સારવારના અભાવે પુત્ર ગુમાવ્યો હતો : સરકાર જીજાનથી મહેનત કરી રહી છે ત્યારે દેશના દરેક નાગરિકે સહયોગ આપવો જોઇએ : પુષ્પાબેન

ગાંધીનગર તા ૭

વિશ્વમાં કોરાનાના રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે કોરાનાની મહામારીથી બચવા માટે નાગરિકો ઘરમાં પુરાઈને લડત આપી રહ્યા છે. ત્યારે ઘરમાં રહેતા વડીલો પણ મહામારીના સંજોગોમાં સરકારને સાથ આપવા માટે પ્રેરણાદાયી બની રહ્યા છે. ગાંધીનગરમાં સે-૫ સી માં રહેતા પુષ્પાબેન ઉપાધ્યાયે પણ પ્રધાનમંત્રીના ફંડમાં ૨૫ હજાર રૂપિયા જમા કરાવી નગરજનોને પ્રેરણા પુરી પાડી છે. તેમણે કોરોના સામેના આ જંગમાં દેશના પ્રત્યેક નાગરિકને યથાશકિત દાન આપવા અપીલ કરી છે.

સમગ્ર વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાએ સમગ્ર વિશ્વમાં ભરડો લીધો છે. જયારે ભારતમાં પણ કોરોના દર્દીઓની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે સરકારે નાગરિકો આ રોગચાળાનો ભોગ બનતા અટકે તે માટે લોકડાઉન જારી કરી ઘરમાં જ રહેવાની અપીલ કરી છે. આવા સંજોગોમાં કોરોનાના દર્દીઓને સારવાર આપવા માટે દેશની વિવિધ હોસ્પિટલોમાં જાંબાઝ ડોકટરો અને નર્સ સહીતનો મેડિકલ સ્ટાફ માનવતાવાદી અભિગમ સાથે જીવન મોત વચ્ચે ઝજુમતા દર્દીઓને નવજીવન આપવા મથી રહ્યા છે. બીજીતરફ સેવાભાવી સંસ્થાઓ અને નાગિરકો પણ મહામારીના આ સંજોગોમાં દેશવાસીઓ માટે ઉમદા સેવા કાર્યો કરી પોતાનુ યોગદાન આપી રહ્યા છે. જયારે દેશના ઉદ્યોગપતિઓ અને સેલીબ્રીટીથી માંડીને આમ નાગરિકો પણ આ મહામારી સામે લડત આપવા સરકારને ઉદારહાથે ફાળો આપી રહ્યા છે. ત્યારે દેશમાં કોરોના કહેર વચ્ચે સામાન્ય નાગરિકોમાં પણ દેશદાઝ સાથે માનવતાવાદી અભિગમ મજબુત બની રહ્યો છે. દેશમાં સિનિયર સીટીઝન્સ પણ આ મહામારીના સમયે સરકારને મદદ કરવા ઉત્સુક છે. પ્રધાનમંત્રીના માતા હીરાબાએ પણ પી એમ ફંડમાં ફાળો આપી દેશવાસીઓને પ્રેરણા આપી હતી. જયારે કોલવડાના વતની અને ગાંધીનગરમાં સે-૫ સી માં પ્લોટ નં-૧૬૧૦:૧ માં રહેતા ૮૫ વર્ષીય પુષ્પાબેન જયંતિલાલ ઉપાધ્યાયે પણ પ્રધાનમંત્રી ફંડમાં રૂ ૨૫ હજારનુ યોગદાન આપી સિનિયર સીટીઝન્સ સહીત દેશના યુવાવર્ગને પ્રેરણા પુરી પાડી છે. પુષ્પાબેને વર્ષ ૧૯૮૨ દરમિયાન મેડિકલ સારવારના અભાવે તેમનો પુત્ર ગુમાવ્યો હતો જયારે આ મહામારીની સ્થિતિ વચ્ચે દેશમાં કોઈપણ દર્દીને તકલીફ ન પડે તેવા આશયથી તેમણે પોતાની બચતમાંથી આ રકમ પ્રધાનમંત્રીના ફંડમાં ઓનલાઈન જમા કરાવી છે. પુત્રના અવસાન બાદ પુષ્પાબેનની સંભાળ તેમની પુત્રી અરૂણાબેન રાવલ તેમજ અન્નપુર્ણાબેન જાની રાખે છે. આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે મહામારીના આ સમયમાં સરકાર જી જાનથી મહેનત કરી રહી છે. ત્યારે દેશના પ્રત્યેક નાગરિકોએ યથાશકિત દાન આપવુ જોઈએ.